Friday
09.09.2022
*Volume :7 * Issue No.38
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-



# ‘અમારા માટે દેશનો સામાન્ય નાગરિક ઈશ્વર સમાન’:-વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી

કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરત જિલ્લાના ઓલપાડ ખાતે જરૂરિયાતમંદ નાગરિકો માટે મેગા મેડિકલ કેમ્પમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ જનહિતકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કરતા જણાવ્યું કે, અમારા માટે દેશનો સામાન્ય નાગરિક ઈશ્વર સમાન છે. ‘કેન્દ્રની અને રાજ્યની એમ ડબલ એન્જિનની સરકારના ડબલ લાભો જનતાને મળી રહ્યા છે. આવી જનહિતની યોજનાઓના કરોડો લાભાર્થીઓના આશીર્વાદ સરકારને બમણા વેગથી કામ કરવાની પ્રેરણા આપે છે, એમ તેમણે ઉમેર્યુ હતું. વડાપ્રધાનશ્રીએ લાભાર્થીઓ સાથે સંવાદ કરી તેમણે મેળવેલા લાભો અને તેના થકી જીવનધોરણમાં આવેલા બદલાવની વિગતો જાણી હતી અને અન્ય જરૂરિયાતમંદ લોકો સુધી પણ યોજનાના લાભો મેળવવામાં સહાયરૂપ બને એ માટે તેઓને પ્રોત્સાહિત કર્યા હતા. લાભાર્થીઓએ કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેક યોજનાઓના લાભો મળવા બદલ વડાપ્રધાનશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આગામી તા.૧૭ સપ્ટેમ્બર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસને અનુલક્ષીને ઓલપાડના ધારાસભ્ય અને કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્ય મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના વડપણ હેઠળ ઓલપાડ વિધાનસભા પરિવાર દ્વારા આયોજિત મેગા મેડિકલ કેમ્પમાં હજારો જરૂરિયાતમંદોએ નિદાન, દવા અને સારવારનો લાભ મેળવ્યો હતો. જેમાં ૩૦૦ થી વધુ નિષ્ણાત તબીબો, ૫૦ લેબ ટેકનિશિયન, ૩૦૦ પેરામેડિકલ સ્ટાફની ટીમ દ્વારા આરોગ્ય ચકાસણી, હાડકા, આંખ-કાન-નાક, હૃદય, દાંત, એનીમિયા, બ્લડ અને સુગર ચેકઅપ, ચશ્મા અને દવા વિતરણ સહિતની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી. આ પ્રસંગે કેન્દ્ર-રાજ્ય સરકારની મળીને ૧૬ જેટલી યોજનાઓનો લાભ પોણા પાંચ લાખ લોકોને પહોચાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે વર્ચ્યુઅલ સંબોધન કરતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતુંકે, કોઈ એક જ સ્થળે હેલ્થકેમ્પ યોજી હજારો નાગરિકોના આરોગ્યની કાળજી લેવી એ ઈશ્વરીય કાર્ય છે. કેમ્પના આગવા આયોજન માટે તેમણે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલને અભિનંદન આપતા કહ્યું કે, દેશની પ્રગતિમાં આરોગ્યમય નાગરિકો, સ્વસ્થ સમાજ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એટલે જ કેન્દ્ર સરકારે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સરકાર અને સમાજ સાથે મળીને કાર્ય કરે છે ત્યારે દેશ નિશ્ચિતપણે પ્રગતિના પંથે આગળ વધે છે. એઈમ્સ હોસ્પિટલોનો વ્યાપ વધારવા સાથે દરેક રાજ્યમાં વધુમાં વધુ મેડિકલ કોલેજો સ્થાપવા સરકાર સતત પ્રયાસરત છે. ગુજરાતમાં ૧૧ મેડિકલ કોલેજો હતી, જે છેલ્લા બે દાયકા દરમિયાન વધીને આજે ૩૧ થઈ ચૂકી છે. આયુષ્માન ભારત યોજનાને લીધે ગરીબ, મધ્યમવર્ગને ઉચ્ચ ગુણવત્તાની અને પરવડે એવી આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ બની હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. સદાય જીવંતપણાનો અહેસાસ કરાવતા સુરત શહેરમાં સદભાવના, સામર્થ્ય, ઈચ્છાશક્તિના દર્શન થાય છે એમ જણાવી વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, ભૂતકાળમાં અનેક પૂર અને મહામારીઓએ સુરતની કઠિન પરીક્ષા લીધી છે, પરંતુ સુરત હંમેશા રાખમાંથી બેઠું થઈને ધબકતું રહે છે એમ જણાવી સુરતના નાગરિકો અને જાગૃત્ત જનપ્રતિનિધિઓને શુભકામનાઓ પાઠવી હતી. વડાપ્રધાનશ્રીએ વધુમાં કહ્યું કે, દેશમાં પી.એમ.કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આજ સુધી લાભાર્થી કિસાનોના ખાતામાં બે લાખ કરોડ સીધા જમા કરવામાં આવ્યા છે. જે પૈકી ગુજરાતના ૬૦ લાખ અને સુરત જિલ્લાના ૧.૨૫ લાખ ખેડૂતોએ આ સહાય મેળવી છે. ઉપરાંત, છેલ્લા ૮ વર્ષમાં દેશમાં ૩ કરોડ પાકા આવાસો બનાવીને લાભાર્થી પરિવારોને અર્પણ કર્યા છે, જે પૈકી ગુજરાતના ૧૦ લાખથી વધુ અને સુરત જિલ્લાના ૧.૫૦ લાખ પરિવારોને પાકા આવાસની ભેટ મળી છે, જ્યારે પી.એમ.સ્વામિત્વ યોજનાથી ડ્રોન ટેકનોલોજીથી ગ્રામીણ વિસ્તારોમાં પ્રોપર્ટી કાર્ડ આપવાની યોજના હેઠળ ગુજરાતના ૧૬૦૦ ગામોમાં ડ્રોન સર્વે પૂર્ણ કરવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ બન્યો હોવાનો સહર્ષ ઉલ્લેખ કરી આઝાદીના અમૃત્ત કાળમાં અમૃત્ત સંકલ્પો પૂર્ણ કરવામાં આ સિદ્ધી નવી ઉર્જા આપશે એમ સ્પષ્ટપણે જણાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આબાલવૃદ્ધ સૌના જીવનમાં ખુશહાલી આવે તે માટે તમામ યોજનાઓના ફળો છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું સરકારનું લક્ષ્ય છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિકાસના પાયા મજબૂત રીતે નાખ્યા હોવાથી આજે ગુજરાત સમગ્ર દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે. આરોગ્ય, શિક્ષણ, માર્ગો, વીજળી અને પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓ ગુજરાતના દરેક ખુણામાં પહોંચી છે, રાજ્યમાં વિકાસની ક્ષિતિજો વિસ્તરતા તમામ ગામડાઓ સુધી પાયાની સુખ-સુવિધાઓ ઉપલબ્ધ બની છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વિવિધ ક્ષેત્રમાં થયેલા વિકાસની ભૂમિકા આપતા જણાવ્યું કે, પહેલા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ડ્રોપઆઉટ રેશિયો ૩૭ ટકા જેટલો હતો. જે આજે ઘટીને માત્ર ૩ ટકા જેટલોજ રહ્યો છે. શ્રેષ્ઠ નાણાંકીય વ્યવસ્થાપન માટે નીતિ આયોગના રિપોર્ટમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર બન્યું છે. રાજ્યમાં વિકાસની ક્ષિતિજો વિસ્તરતા તમામ ગામડાઓ સુધી પાયાની સુખ-સુવિધાઓ ઉપલબ્ધ બની છે. બે દાયકા અગાઉ ૨૬ ટકા ગામોમાં પીવાનું પાણી મળતું જે આજે ૯૭ ટકા ગામોમાં પીવાનું શુદ્ધ પાણી મળે છે. અગાઉ વર્ષે ૧૩૭૫ તબીબોની સંખ્યા સામે આજે દર વર્ષે ૫૫૦૦ તબીબો બહાર પડે છે, જે રાજ્ય અને દેશની આરોગ્ય ગરિમા જાળવવામાં યોગદાન આપી રહ્યા છે. રાજ્યમાં નાના કારીગરો, ફેરિયાઓ, વ્યાપારીઓને સ્વનિર્ભર બનાવવા પી.એમ.સ્વનિધિ યોજના હેઠળ આ પ્રકારના ૨.૩૫ લાખ જેટલા નાના વ્યવસાયકારોને લાભાન્વિત કરવામાં આવ્યા છે. વડાપ્રધાનશ્રીની લોકહિતની કાર્યસંસ્કૃતિના ચીલે ચાલીને રાજ્ય સરકાર ‘આત્મનિર્ભર ભારતથી આત્મનિર્ભર ગુજરાત’ના નિર્માણ માટે સતત કર્તવ્યરત છે એનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વૈશ્વિક મહામારીમાં વિકસિત દેશોએ પણ પોતાના નાગરિકોને બેહાલ છોડી દીધા હતા. તેવા કપરા સમયે વડાપ્રધાનશ્રીએ મોદીએ અને આગવી સુઝબુઝથી આ કપરા કાળમાંથી દેશવાસીઓને હેમખેમ ઉગાર્યા. એટલું જ નહીં, દેશના તમામ નાગરિકોને વિનામૂલ્યે વેક્સીન આપી સુરક્ષા કવચ પૂરૂ પાડ્યું છે. ગરીબોની પણ ચિંતા કરી તમામ ગરીબ પરિવારોને મફત અનાજ આપી તેમની જઠરાગ્નિ તૃપ્ત કરવાનો યજ્ઞ શરૂ કર્યો તે આજે પણ ચાલુ છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. રાજ્ય સરકારે ગુજરાતના ઈતિહાસમાં ચાલું નાણાકીય વર્ષનું બજેટ સૌથી મોટા કદનું આપ્યું છે. કેન્દ્ર સરકારના ગુજરાત પર ચાર હાથ છે, ત્યારે વડાપ્રધાનશ્રીના નેતૃત્વના કારણે ગુજરાતને ડબલ એન્જિન સરકારનો લાભ મળી રહ્યો છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ અને સાંસદશ્રી સી.આર. પાટીલે જણાવ્યું કે, ગુજરાતનું વિકાસ મોડેલ દેશનું સર્વસ્વીકૃત્ત મોડેલ બન્યું છે. કોરોનાકાળના વિકટ સમયને ધીરજ, મક્કમતા અને આગવી સુઝબુઝથી સામનો કરીને દેશવાસીઓને સુરક્ષિત રાખવા અને સ્વદેશી રસી વિકસાવી દેશને આરોગ્ય કવચ પૂરૂ પાડ્યું છે. વિકાસની રાજનીતિ કરવી એ રાજ્ય અને કેન્દ્રની સરકારનો સ્વભાવ છે. વચનો આપીને નહીં, પણ કામ કરીને લોકોને સુખાકારીભર્યું જીવન પ્રદાન કરવું એ આ સરકારનું લક્ષ્ય છે. ગુજરાત અને ગુજરાતીઓ કોઈના ભરમાયા ભરમાશે નહિ અને શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં તથા ભારતીય જનતા પાર્ટીમાં બે દાયકાથી મુકેલો ભરોસો અકબંધ રાખશે. નાણામંત્રી અને સુરત જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ પ્રસંગોચિત્ત સંબોધન કરતા રાજ્ય અને કેન્દ્ર સરકારની સેંકડો યોજનાઓ છેવાડાના માનવીઓના જીવનમાં સમૃદ્ધ બનાવવામાં નિમિત્ત બની હોવાનું જણાવી રાજ્ય સરકારે બજેટમાં ગામડાઓ, કૃષિ અને પશુપાલન માટે વિશેષ કાળજી લીધી હોવાનું ઉમેર્યુ હતું. આ કાર્યક્રમના આયોજક અને કૃષિ, ઉર્જા રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે પ્રાસંગિક સંબોધનમાં મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં રાજ્યમાં થયેલા વિકાસ કાર્યોને નમૂનારૂપ અને અદ્વિતય સિદ્ધિ ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, ઓલપાડ તાલુકામાં ૧૦૯૦૫ ગંગા સ્વરૂપા બહેનોને માસિક ૧૨૫૦/- લેખે રૂ.૧,૩૬,૩૧૨૫૦ મળે છે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ ૩૧,૦૩૩ ખેડૂતોને રૂ.૧૮,૬૧,૯૮૦૦૦/- ની રકમ નિયત સમયે પ્રાપ્ત થાય છે. ઉજ્જવલા યોજનાના ૧૧,૬૪૮ જેટલા લાભાર્થીઓ જ્યારે વૃદ્ધ પેન્શન યોજના હેઠળ૧૩૬૯ લાભાર્થીઓને પેન્શનનો લાભ મળી રહ્યો છે. આ વેળાએ મુખ્યમંત્રીશ્રી, ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટિલ, મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે સહિતના મહાનુભાવોએ ખુલ્લી જીપમાં સવાર થઈને જાહેરજનતાનું અભિવાદન ઝીલ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઓલપાડ તાલુકામાં



વિવિધ યોજનાઓ અને લોકહિતમાં તેના અસરકારક અમલીકરણ અંગેની શોર્ટ ફિલ્મનું નિદર્શન ઉપસ્થિત સૌએ નિહાળ્યુ હતું. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રીશ્રી વિનોદભાઈ મોરડિયા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભાવેશભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી ગણપતસિંહ વસાવા, ઈશ્વરભાઈ પરમાર, મોહનભાઈ ઢોડિયા, અરવિંદ રાણા, કાંતિ બલર, સંગીતા પાટિલ, પ્રવિણ ઘોઘારી, વિવેક પટેલ, ઝંખનાપટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ સંદિપભાઈ દેસાઈ, મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા, જિલ્લા કલેક્ટર આયુષ ઓક, જિલ્લા પોલીસ વડાશ્રી હિતેશ જોયસર, સુમુલ ડેરીના ચેરમેનશ્રી માનસિંહ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ બ્રિજેશ પટેલ, સુરત શહેર ભાજપ અધ્યક્ષ નિરંજન ઝાંઝમેરા, સાંસદ-ધારાસભ્યશ્રીઓ, સહિત જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, લાભાર્થીઓ, દર્દીઓ, વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગઢવી સમાજનું સ્નેહમિલન યોજાયું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ છે કે, ગુજરાત સરકારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં હોલિસ્ટિક ડેવલપમેન્ટને સાકાર કર્યું છે. ગુજરાત ૨૦ વર્ષની સુદીર્ઘ અને સફળ વિકાસયાત્રાથી દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું ગાંધીનગર ખાતે આયોજિત ગઢવી સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું ઉષ્માભર્યું અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, ગુજરાતમાં વિકાસના કામો-યોજનાના લાભ છેવાડાના ગામો સુધી પહોંચતાં થયાં છે. રસ્તા, પાણી, ઊર્જા, સ્વાસ્થ્ય અને શિક્ષણની વ્યવસ્થા સાર્વત્રિક બની છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ગુજરાતના વિકાસને સુદ્રઢ અને ગતિશીલ બનાવ્યો છે. કોરોનાને કારણે અનેક દેશો પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા હતા, તેવા સમયે વડાપ્રધાનશ્રીએ જે કોવિડ મેનેજમેન્ટ કરી બતાવ્યું તેની નોંધ વિશ્વના વિકસીત દેશોએ પણ



લીધી છે. કોરોનાને અટકાવવાનાં પગલાં, વેક્સિન-નિર્માણ અને વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન, જેવાં પગલાં દ્વારા વડાપ્રધાનશ્રીએ દેશને મહામારીમાંથી સમયસર ઉગાર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આટલા મોટા દેશમાં વ્યાપક સુધારા લાવવા શક્ય જ નથી એવી માન્યતાને તોડીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, સ્વચ્છતા અભિયાન, ઓપન-ડિફેકેશન ફ્રી, ઉજ્જ્વલા અને ઉજાલા સહિતની અનેક વ્યાપક પહેલને સફળ કરી બતાવી છે. તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રીના અંત્યોદયના સંકલ્પને સાકાર કરવા અને ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવી રાખવા આ વર્ષે સરકારે ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું બજેટ આપ્યું છે. ગુજરાતની ૨૦ વર્ષની વિકાસયાત્રાને આગળ ધપાવવામાં વર્તમાન સરકાર કોઈ જ પાછી પાની નહીં કરે તેમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, બક્ષીપંચ મોરચાના પૂર્વ અધ્યક્ષ શ્રી ભગવાનદાસ પંચાલ, અધ્યક્ષશ્રી ઉદય કાનગડ, શ્રી ઉમેદદાન ગઢવી, શ્રી યોગેશ ગઢવી, શ્રી મેહરભાઈ ગઢવી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી પીયૂષ ગોયલે ભારતીય સમુદાયને ૧.૩ અબજ લોકોના દેશ, ભારતના મહત્વાકાંક્ષી બજાર દ્વારા પ્રસ્તુત કરાયેલી વિશાળ વ્યાપારી તકો વિશે વિશ્વને માહિતગાર કરવા આહ્વાન કર્યું

**શ્રી ગોયલે ભારતીય સમુદાયને કહ્યું કે તમે ભારતના આત્માને જાગૃત રાખ્યો છે.**

### ભારત સરકાર વ્યવસાય માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે દરેક તક શોધી રહી છેઃ શ્રી ગોયલ

કમલમ્ ન્યુઝ,

વાણિજ્ય અને ઉદ્યોગ, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ અને કાપડ મંત્રી શ્રી પીયૂષ ગોયલે આજે જણાવ્યું હતું કે યુ.એસ.માં ભારતીય સમુદાય તેના કામમાં ખૂબ જ વ્યાવસાયિક અને નવીન છે અને તેણે ભારતીય સંસ્કૃતિ અને મૂલ્ય સાથે ગાઢ સંપર્ક જાળવી રાખ્યો છે. સિસ્ટમ; આ રીતે તેઓએ ભારતના આત્માને જાગૃત રાખ્યો છે. તેઓ આજે સાન ફ્રાન્સિસ્કોમાં ’ભારતીય સમુદાય’ સાથે લંચ દરમિયાન બોલતા હતા. શ્રી ગોયલે જણાવ્યું હતું કે, ભારતીય સમુદાય ભારત અને વિદેશ વચ્ચે જોડાણ જાળવી રાખવા માટે અનન્ય સ્થિતિમાં છે. તેમણે ભારતીય સમુદાયને ૧.૩ બિલિયન લોકોની વસ્તી ધરાવતા ભારતના મહત્વાકાંક્ષી બજાર દ્વારા પ્રસ્તુત કરાયેલી વિશાળ વ્યાપારી તકો વિશે વિશ્વને માહિતગાર કરવા હાકલ કરી હતી. ભારતમાં અસ્તિત્વમાં છે તે વાઈબ્રન્ટ સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ પર પ્રકાશ પાડતા, શ્રી ગોયલે યાદ કર્યું કે જ્યારે ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૧૬માં ’સ્ટાર્ટ-અપ ઈન્ડિયા’ની શરૂઆત કરી હતી, ત્યારે તે પગલું નવીનતા, યુવા પ્રતિભાનું વધતું મહત્વ હતું. નવા વિચારોને ઓળખવા, નવા પ્રયોગો કરવા અને નવા ઉકેલો સાથે આવવાનું માનવામાં આવે છે. શ્રી ગોયલે માહિતી આપી હતી કે ભારતમાં ઘણા સ્ટાર્ટ-અપ વિચારો વિકસાવવામાં આવી રહ્યા છે અને એક આરામદાયક અને વિશાળ સ્થાનિક બજાર છે. આ સ્થાનિક બજાર બાકીના વિશ્વ સાથે એટલું જોડાયેલ નથી જેટલું હોવું જોઈએ. શ્રી ગોયલે કહ્યું કે આપણા ભારતીય સ્ટાર્ટ-અપ વિચારોને વધુ તકો મળે અને વિશ્વ બજારમાં પહોંચે તે અનિવાર્ય છે. તેમણે કહ્યું કે ગ્લોબલ બનવા માટે સિલિકોન વેલીથી સારી કોઈ જગ્યા નથી. શ્રી ગોયલે જણાવ્યું હતું કે વિશ્વનો કોઈ પણ દેશ બાકીના વિશ્વ સાથે જોડાયા વિના વિકાસ કરી શક્યો નથી, તેથી આપણા માટે વિશ્વ સાથે જોડાવાની કોઈ તક ગુમાવવી ન જોઈએ તે મહત્વનું છે. શ્રી ગોયલે કહ્યું કે સરકાર ભારતીય સ્ટાર્ટ-અપ્સ અને યુએસ રોકાણકારો વચ્ચે સેતુની ભૂમિકા ભજવી રહી છે. તેમણે બંનેને એકબીજા સાથેના સંવાદને નવા સ્તરે લઈ જવા વિનંતી કરી. શ્રી ગોયલે જણાવ્યું હતું કે તેઓ રોકાણકારો પાસેથી કેટલાક નવા વિચારો લઈ રહ્યા છે, જે ભારતમાં નવી નવીનતાઓ માટે મૂડી પ્રોત્સાહનોને વેગ આપશે. સરકારના કામકાજમાં થઈ રહેલા ફેરફારોનો ઉલ્લેખ કરતા શ્રી ગોયલે કહ્યું કે ભારત ભૂતકાળમાં જે લાલ ફીત હતું તેનાથી દૂર જઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ટેકનોલોજી અને પારદર્શિતાએ મોટાભાગે જૂના જમાનાનો અંત લાવી દીધો છે. ભારત સરકાર આરામદાયક



**આપણા ભારતીય સ્ટાર્ટ-અપ વિચારો માટે વધુ તકો પૂરી પાડવા માટે આંતરરાષ્ટ્રીય જોડાણને વિસ્તૃત કરવાની જરૂર છે; વૈશ્વિક બનવા માટે સિલિકોન વેલીથી વધુ સારી જગ્યા કોઈ નથીઃ શ્રી ગોયલ**

વ્યાપાર વાતાવરણ બનાવવાની કોઈ તક છોડતી નથી. સરકાર જે રીતે કામ કરે છે તે પાયાના સ્તરે લોકો સાથે સક્રિય રીતે જોડાવા પર આધારિત છે. સરકાર નીતિની નિશ્ચિતતા જાળવવા અને વિકસિત દેશોની પરિસ્થિતિ સાથે મેળ ખાતા નિયમો અને પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા પર ભાર આપી રહી છે. સમગ્ર ભારતમાં, ખાસ કરીને દૂરના અને દુર્ગમ વિસ્તારોમાં બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવા અંગે, શ્રી ગોયલે ઉલ્લેખ કર્યો છે કે તાજેતરમાં કેબિનેટે બાકીના ૨૫,૦૦૦ દૂરના ગામડાઓને નેટવર્ક કનેક્ટિવિટી પ્રદાન કરવાનો નિર્ણય લીધો છે. નિકાસ અંગે શ્રી ગોયલે જણાવ્યું હતું કે ભારતે ગયા નાણાકીય વર્ષમાં USD 675 બિલિયનની સામાન અને સેવાઓની અત્યાર સુધીની સૌથી વધુ નિકાસ હાંસલ કરી છે. તેમણે આશા વ્યક્ત કરી કે આ વર્ષે તેં જીડ્ઢ ૭૫૦ બિલિયનને પાર કરી જશે. શ્રી ગોયલે કહ્યું કે ૨૦૪૭ સુધી અમૃતકાળ હશે, જ્યારે આપણે ભારતનો ૧૦૦મો સ્વતંત્રતા દિવસ ઉજવીશું. આ સમયગાળો ભારતની વિકસિત દેશ બનવાની સફરમાં ટર્નિંગ પોઈન્ટ હશે. ત્યારે ભારતમાં રહેનાર દરેક વ્યક્તિ સમૃદ્ધ બનશે. તેમણે કહ્યું કે ભારતીય સમુદાય આ પ્રવાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે કારણ કે તેઓ પ્રતિભા, નવા વિચારો અને નવીનતાઓને ઓળખે છે, માર્ગદર્શન આપે છે, સમર્થન આપે છે અને નાણાં આપે છે. શ્રી ગોયલે કહ્યું કે તેઓ ભારત અને યુએસ વચ્ચે સેતુ સ્થાપિત કરવાના સતત પ્રયાસના સમર્થક છે, જેના દ્વારા વેપાર અને લોકો વચ્ચેના સંબંધો વધશે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ડબગર સમાજનો ગાંધીનગર ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

**ડબગર સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું**



કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, નીતિ આયોગના અહેવાલ પ્રમાણે ગુજરાત સરકારનું આર્થિક વ્યવસ્થાપન દેશમાં સર્વશ્રેષ્ઠ છે. આ વર્ષનું સરકારનું બજેટ ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું બજેટ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ડબલ એન્જિનની સરકારને પરિણામે ગુજરાત વિકાસના માર્ગે તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર ખાતે આયોજિત ડબગર સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા. ડબગર સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું ભાવસભર અભિવાદન કર્યું હતું. આ સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતમાં સરકારનો જનહિતકારી અભિગમ-સરકારનું સુશાસન જનતા ૨૦ વર્ષથી અનુભવી રહી છે, તો છેલ્લા આઠ વર્ષથી કેન્દ્ર અને રાજ્ય બન્ને સરકારોના વિકાસલક્ષી સંયુક્ત પ્રયાસોને પણ લોકોએ જોયા છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં દેશ અને ગુજરાતનું અર્થતંત્ર ફૂલી-ફાલી રહ્યું છે. તાજેતરના અહેવાલ મુજબ ભારતે બ્રિટનને પાછળ રાખી

- **નીતિ આયોગના અહેવાલ પ્રમાણે દેશમાં ગુજરાત સરકારનું આર્થિક વ્યવસ્થાપન સર્વશ્રેષ્ઠ**
- **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં દેશ અને ગુજરાતનું અર્થતંત્ર ફૂલી-ફાલી રહ્યું છે**
- **ગુજરાત સરકારે સૌ સમાજને સાથે લઈ ચાલવાની નીતિ-રીતિ અપનાવી**

વિશ્વની પાંચમી સૌથી મોટી ઈકોનોમીનું સ્થાન મેળવી લીધું છે. ભારતનો જી.ડી.પી. ગ્રોથ રેટ ૧૩ ટકા જેટલોથયો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કોરોના મહામારી દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકારોએ કોવિડ નિયંત્રણ, વ્યાપક રસીકરણ અને સારવારના જે પગલાં લીધાં તેની નોંધ વિશ્વના દેશોએ પણ લીધી છે. માત્ર એટલું જ નહીં, વડાપ્રધાનશ્રીની વિદેશ નીતિને પરિણામે ભારતનું ગૌરવ અને અસ્મિતા વિદેશમાં પણ વધ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભે વધુમાં કહ્યું કે, ગુજરાત સરકારે સૌ સમાજને સાથે લઈ ચાલવાની નીતિ-રીતિ અપનાવી રાજ્યના વિકાસની કેડી કંડારી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કોઈ પણ સમાજના ઉત્કર્ષ માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે. સમાજમાં શિક્ષણ જેટલું વધશે, તેનો વ્યાપ વધશે તેટલી સમાજની પ્રગતિ થશે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આટલા મોટા દેશમાં વ્યાપક સુધારા લાવવા શક્ય જ નથી એવી માન્યતાને તોડીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, સ્વચ્છતા અભિયાન, ઓપન-ડિફેકેશન ફ્રી, ઉજ્જ્વલા અને ઉજાલા સહિતની અનેક વ્યાપક પહેલને સફળ કરી બતાવી છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, પહેલાના સમયમાં ચૂંટણી વખતે સમાજના વિવિધ વર્ગો વચ્ચે વિગ્રહ-મનભેદ કરાવવાના પ્રયાસો થતાં પરંતુ છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં માત્ર વિકાસના મુદ્દે, વિકાસના આધારે જ ચૂંટણી લડાય છે. આ પ્રસંગે બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ શ્રી ઉદયભાઈ કાનગડ, પૂર્વ અધ્યક્ષ શ્રી ભગવાનદાસ પંચાલ, બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, ડબગર સમાજના અગ્રણી સર્વે શ્રી મણીભાઈ ડબગર, શ્રી નરેશભાઈ ડબગર, શ્રી ચીમનભાઈ ડબગર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

## તંત્રી સ્થાનેથી......

ગુજરાત આ વર્ષે ૩૬ માં રાષ્ટ્રીય રમતોત્સવનું યજમાન બન્યું છે અને તેની બે રમતોની રાષ્ટ્રીય સ્પર્ધા વડોદરામાં રમાવા ની છે ત્યારે આનંદની વાત એ છે કે માત્ર ૧૧ વર્ષની ઉંમરની સંતુષ્ટિ અગ્રવાલે દેશના ઉભરાતા ટેનિસ ખેલાડીઓમાં સ્થાન પાક્કું કર્યું છે. ટેનિસ પાવર ગેમ ગણાય છે ત્યારે આ ખેલાડીએ તેની કારકિર્દીના પ્રારંભિક ૫ વર્ષની કારકિર્દીમાં વિવિધ સ્પર્ધાઓ માં વિજેતા બનીને ૨૭ જેટલી ટ્રોફીઓ જીતી છે. ૨૦૨૨ ના વર્તમાન વર્ષમાં જ સંતુષ્ટિ એ ફ્રૈંક્રુ ફ્રૈંહઘ્નજ માં અંડર ૧૨ શ્રેણીમાં ટોચના ૨૦ ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું છે અને તાજેતરમાં યોજાયેલી હરિયાણા ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં કારકિર્દીનો પહેલો સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.દેશના વિવિધ રાજ્યોના ૨૦ જેટલા કસાયેલા ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. પ્રતિષ્ઠિત આંતર રાષ્ટ્રીય ટેનિસ સ્પર્ધાઓમાં ભારત માટે રમવાની લાયકાત કેળવવી એ તેનું લક્ષ્ય છે. ટેનિસ આમ તો પ્રમાણમાં સૌ ને રમવું ન પરવડે એવી મોંઘી રમત ગણાય છે. પરંતુ તેના પિતા મુકેશ અગ્રવાલ આ રમતમાં દીકરીને દિલોજાન થી ટેકો અને પ્રોત્સાહન આપી રહ્યાં છે.સંતુષ્ટિ માંજલપુરની અંબે વિધાલયમાં સાતમા ધોરણમાં ભણી રહી છે અને બચપણ થી ટેનિસની ઘેલી છે.તે શહેર,રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લઈ રહી છે. તે અંડર ૮/૧૦,બરોડા ઓપન અને અંડર ૧૨ ફ્રૈંક્રુ વિજેતા છે. તે કહે છે કે હું ૮ વર્ષની થઈ ત્યાર થી ટેનિસ રમું છું.વડોદરા મહાનગર પાલિકાના માંજલપુર ટેનિસ કોર્ટ થી રમવાની શરૂઆત કરી અને રમત કૌશલ્યો ખીલવવા ખાનગી સંસ્થાઓમાં પ્રશિક્ષણ લીધું છે.મારા ભાઈ ઉત્સવ ટેનિસ ખેલાડી છે અને મને સતત માર્ગદર્શન આપે છે.તેના પિતા પણ મધ્ય પ્રદેશના તેમના ગામમાં જિલ્લા સ્તરના ટેનિસ ખેલાડી અને ચેસ ચેમ્પિયન રહ્યાં છે. સંતુષ્ટિ મહારત મેળવવા તેના થી મોટી વયના છોકરાઓ સાથે પણ ટેનિસની પ્રેક્ટિસ કરે છે. રાફેલ નડાલ અને સાનિયા મિર્ઝા તેના પ્રેરણા સ્ત્રોત છે.તેની શાળા અને કોચિસ પણ તેને પ્રોત્સાહિત કરે છે. તે કહે છે કે આ રમત ખૂબ ઊર્જા,ચપળતા અને સ્ફૂર્તિ માંગી લે છે.તેની મહેચ્છા આ રમતમાં દેશને નામના અપાવવાની છે.

## શહેરભરમાં વિસર્જનને લઈ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

- VMC દ્વારા નક્કી કરાયેલા તળાવોમાં શ્રીજીની મૂર્તિઓનું વિસર્જન
- શ્રીજીની મૂર્તિઓ લઈ જવાના રૂટો ઉપર ટ્રાફિક નિયમની વ્યવસ્થા
- સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા સોશિયલ મીડિયામાં પર વોચ રખાશે



કમલમ્ ન્યુઝ,ચિરાગ પાંડેય

સમગ્ર દેશમાં ઉત્સાહ અને ઉલ્લાસભેર ગણપતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. લોકો ઉત્સાહભેર ગણપતિ બપ્પાને પોતાના ઘરે લાવી તેમની પૂજા-અર્ચના કરે છે. ઉત્સાહભેર ૧૦ દિવસ વિત્યા બાદ વિદાયની વેળા પણ આવી જાય છે. લોકો વાજતે-ગાજતે શ્રીજીને વિદાય આપતા હોય છે. દેશભરમાં લોકો શ્રીજીની પ્રતિમાને તળાવ નદીમાં વિસર્જન કરતા હોય છે. મોટી સંખ્યામાં લોકો વિસર્જન માટે નીકળતા આ વખતે પોલીસ દ્વારા લોકોની સુરક્ષાને ધ્યાને રાખી લોખંડી બંદોબસ્ત કરવામાં આવ્યો છે.વડોદરા શહેરમાં ગણેશ ઉત્સવ પુર્ણ થતા VMC દ્વારા નક્કી કરાયેલા તળાવોમાં શ્રીજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. આવતીકાલે વડોદરા શહેરમાં દ્વારા કુલ ૧૨૯૦ જેટલી પ્રતિમાનું વિસર્જન થવાનું છે. ત્યારે વિસર્જનને ધ્યાને રાખી શહેર પોલીસ તરફથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. આ બંદોબસ્તમાં DCP કક્ષાના ૯ અધિકારી,DySP કક્ષાના ૨૮ અધિકારી, PI કક્ષાના૯૦ અધિકારી, PSI CRPF સહિત મહિલા શી-ટીમના સ્કોડ પણ તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેર પોલીસ દ્વારા ટ્રાફિક શાખા દ્વારા શ્રીજીની મૂર્તિઓ લઈ જવાના રૂટો ઉપર ટ્રાફિક નિયમની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે ઘોડેસવાર, વર્જ મોબાઈલ તેમજ રૂટ પરના CCTV કેમેરા, બોડી વોર્ન કેમેરા જેવી તમામ સુરક્ષા વ્યવસ્થાનું બંદોબસ્ત કરી દેવામાં આવ્યું છે. તેની સાથે વિસર્જનમાં આ સુંદર દ્રશ્યોને ફોટોગ્રાફર કેમેરામાં કેદ કરે તે માટે ૫૦ ફોટોગ્રાફર પણ રાખવામાં આવ્યા છે.એટલું જ નહિ પોલીસની આ કામગીરીમાં સાઈબર ક્રાઈમ પોલીસ પણ તેમનો સાથ આપશે. સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા ખોટી અફવાઓ ફેલાવનાર તે વિસર્જન સંબંધિત કોઈ ખોટા મેસેજ વાયરલ કરનાર અંગે સોશિયલ મીડિયા પર વોચ રાખવામાં આવશે. તેની સાથે પ્રિન્ટ મીડિયા, સોશિયલ મીડિયા માધ્યમથી પણ કોઈ ખોટી અફવા ફેલાવનાર વિરુદ્ધ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**VMC દ્વારા નક્કી કરાયેલા તળાવ**

શ્રીજીના વિસર્જન માટે VMC દ્વારા દશામાં કુત્રિમ તળાવ ગોરવા, નવલખી કુત્રિમ તળાવ રાવપુરા, સમા-હરણી રીંગ રોડ કુત્રિમ તળાવ હરણી, કુબેરેશ્વર કુત્રિમ તળાવ વાઘોડીયા રીંગ રોડ પાણીગેટ, ઈન્દ્રપ્રસ્થ કુત્રિમ તળાવ ઈલોર પાર્ક જેવા વિવિધ કૃત્રિમ તળાવો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં કુલ ૧૨૯૦ જેટલી પ્રતિમાનું વિસર્જન કરવામાં આવશે.

**ગણપતિના વિસર્જનને લઈ ક્રેનની વ્યવસ્થા કરાઈ**

શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરવા માટે ગોરવા ખાતે ૬ ક્રેન, નવલખી ખાતે ૧૪ ક્રેન, સમા-હરણી રીંગ રોડ ખાતે ૫ ક્રેન તથા કુબેરેશ્વર માર્ગ ખાતે કુલ-૪ ક્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે. તેની સાથે સમા ખાતે ૨ ક્રેન, પાણીગેટ ખાતે ૩ ક્રેન રીઝર્વમાં રાખવામાં આવેલ છે. તેમજ સમા,બાપોદ,છાણી, માંજલપુર, ગોત્રી, જે.પી.રોડ, મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુલ મળી ૧૭ જેટલી ક્રેન રીઝર્વમાં રાખવામાં આવ્યા છે. આમ પોલીસ દ્વાર કુલ ૫૩ ક્રેનની વ્યવસ્થા કરવામાં આવી છે.



કમલમ્ ન્યુઝ,રીપોટર -રૂપેશ રાવલ -ખેડબ્રહ્મા

ખેડબ્રહ્મા શહેરમાં ન્યુ મારુતિ સેવા મંડળ માણેકચોક દ્વારા ૭૩૧ દીવાની ભવ્ય મહાઆરતીનું અને ભવ્ય આતીશબાજી નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ખેડબ્રહ્મા શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં યોજનારી ૩૬મી નેશનલ ગેઈમ્સના આયોજનને આખરી ઓપ આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## નેશનલ ગેઇમ્સ ઓર્ગેનાઇઝિંગ કમિટિની બેઠક મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાઇ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં આગામી તા.૨૭મી સપ્ટેમ્બર થી યોજાઇ રહેલી ૩૬મી નેશનલ ગેઈમ્સના સફળ આયોજન માટે ઓર્ગેનાઈઝિંગ કમિટિની બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રમત-ગમત રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ જોડાયા હતા. ૭ વર્ષના અંતરાલ બાદ યોજાઇ રહેલી આ ૩૬મી નેશનલ ગેઈમ્સનું યજમાન પદ ગુજરાતને મળ્યું છે તેનું ગૌરવ કરતાં મુખ્યમંત્રીશ્રીએ દેશભરના ખેલાડીઓ માટે આ ગેઈમ્સ એક યાદગાર સંભારણું બની રહે તેવું સુદ્રઢ આયોજન સુનિશ્ચિત કરવા આ બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. દેશના ૩૬ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના અંદાજે ૮ હજાર ઉપરાંત ખેલાડીઓ આ નેશનલ ગેઈમ્સની વિવિધ ૩૬ રમતોમાં પોતાનું ખેલ કૌશલ્ય ઝળકાવવાના છે. ગુજરાતના ૬ મહાનગરો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર અને ગાંધીનગરમાં આ રમતોત્સવની વિવિધ સ્પર્ધાઓ યોજાશે. આ મહાનગરોમાં કુલ મળીને ૧૭ જેટલા સ્થળોએ વિવિધ ૩૬ રમતોનું આયોજન સુચારૂ રીતે પાર પડે તે માટે મુખ્ય સચિવ શ્રી પંકજકુમારના નેતૃત્વમાં નેશનલ ગેઈમ્સ એક્ઝિક્યુટીવ કમિટિની રચના કરવામાં આવેલી છે. આ ઉપરાંત ૬ મહાનગરોમાં પણ સિટી કમિટિની જવાબદારી સચિવ કક્ષાના અધિકારીઓને સોંપવામાં આવી છે. જેમાં અમદાવાદ માટે શહેરી વિકાસ અગ્ર સચિવ શ્રી મુકેશકુમાર, સુરત માટે જી.આઈ.ડી.સી.ના એમ.ડી શ્રી થેન્નારસન, ભાવનગર માટે એસ.ટી. નિગમના એમ.ડી. શ્રી ગાંધી, રાજકોટ માટે ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા, વડોદરા માટે જી.યુ.વિ.એન.એલ ના એમ.ડી શ્રી શિવહરે અને ગાંધીનગર માટે કમિશનર શ્રી મ્યુનિસિપાલીટીઝ એડ્મીનીસ્ટ્રેશન શ્રી રાજકુમાર બેનિવાલ જવાબદારી સંભાળશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં તા. ૨૭મી સપ્ટેમ્બરે આ નેશનલ ગેઈમ્સનો ભવ્ય ઉદઘાટન સમારોહ દોઢ લાખ જેટલા રમતપ્રેમીઓ, ખ્યાતનામ ખેલાડીઓની ઉપસ્થિતીમાં યોજાવાનો છે તેના તલસ્પર્શી આયોજનની પણ વિસ્તૃત ચર્ચા-વિચારણા આ બેઠકમાં હાથ ધરવામાં આવી હતી. રમતોત્સવનું સમાપન સુરતના ઈન્ડોર સ્ટેડિયમમાં તા. ૧૨મી ઓક્ટોબરે કરાશે. રમત-ગમત અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમારે આ બેઠકમાં જણાવ્યું કે, નેશનલ ગેઈમ્સ માટે રાજ્યભરમાં ઉત્સાહ-ઉમંગનું વાતાવરણ વધુ ઊજાગર કરવાનું પણ સુગ્રથિત આયોજન કરવામાં આવેલું છે. તદઅનુસાર, તા.૧૨ થી ૧૬ સપ્ટેમ્બર દરમ્યાન શાળા-કોલેજોમાં એક્ટિવેશન, ૬ શહેરોમાં તા. ૧૫ થી ૨૫ સપ્ટેમ્બર દરમ્યાન સ્પોર્ટસ કાર્નિવલ તેમજ તા. ૨૨ થી ૨૯ સપ્ટેમ્બર દરમ્યાન મેસ્કોટ રેલી યોજવામાં આવશે. આ નેશનલ ગેઈમ્સ સાથોસાથ આદ્યશક્તિની આરાધનાનું પર્વ અને ગુજરાતની વૈશ્વિક ઓળખ નવરાત્રિ પણ આવી રહિ છે તેસુભગ સમન્વય છે. દેશના રાજ્યોના ખેલાડીઓ ગુજરાતની ગરબા-રાસની આ ભાતીગળ સંસ્કૃતિ પણ રમતોત્સવ સાથે માણી શકે તેવા આયોજન અંગે પણ બેઠકમાં વિચાર-વિમર્શ કરાયો હતો. આ નેશનલ ગેઈમ્સમાં ભાગ લેનારા ખેલાડીઓ સાથે રિયલ ટાઈમ કોમ્યુનિકેશન, આવાસ-ભોજન, વાહન વ્યવહારની માહિતી, ખેલાડીઓની પ્રોફાઈલ અપડેટ અને પરિણામોના રિયલ ટાઈમ અપડેટ માટે ગેઈમ્સ મેનેજમેન્ટ સિસ્ટમ અન્વયે વેબસાઈટ અને એપ લોંચ કરવામાં આવેલા છે તેમ પણ આ બેઠકમાં જણાવાયું હતું. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ઊર્જા, નાણાં, રમત-ગમત વિભાગના અગ્ર સચિવશ્રીઓ, પ્રવાસન સચિવશ્રી તથા એસ.ટી.નિગમ, જી.આઈ.ડી.સી, જી.યુ.ડી.એમ ના મેનેજિંગ ડિરેકટરશ્રીઓ આ બેઠકમાં સહભાગી થયા હતા. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડીયા, ઈન્ડીયન ઓલિમ્પીક એસોસિયેશન તથા ગુજરાત સ્ટેટ ઓલિમ્પીક એસોસિએશનના પ્રતિનિધિઓ પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.



- ૬ મહાનગરોમાં ૧૭ જેટલા સ્થળોએ વિવિધ ૩૬ રમતો યોજાશે
- દેશભરના ૩૬ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોના અંદાજે ૭ હજાર ખેલાડીઓ સહભાગી થશે
- મુખ્ય સચિવશ્રીના નેતૃત્વમાં નેશનલ ગેઇમ્સ એક્ઝિક્યુટિવ કમિટિ
- ૬ મહાનગરોમાં સચિવ કક્ષાના અધિકારીઓના વડપણમાં કમિટિઓ કાર્યરત રહેશે
- તા. ૧૫ થી ૨૫ સપ્ટેમ્બર ૬ મહાનગરોમાં સ્પોર્ટસ કાર્નિવલ યોજાશે
- તા. ૨૨ થી ૨૯ સપ્ટેમ્બર મેસ્કોટ રેલીનું આયોજન



કમલમ્ ન્યુઝ,

સેલ્ફ ડિફેન્સનાં પાઠ ભણી ગુનેગારોને પોતાની સાચી ઓળખ આપવાનો સમય હવે આવી ગયો છે ત્યારે ગાંધીનગર ખાતે અંબાપુર પ્રાથમિક શાળામાં સ્વ-રક્ષણ વર્કશોપનું નિઃશુલ્ક આયોજન પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટનાં લક્ષ્મીબેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્વ-રક્ષણ વર્કશોપમાં અલગ-અલગ ટેકનીક્સ જેમ કે, અસામાજિક તત્ત્વોમાં ફસાયા હોય તો કેવી રીતે છૂટવું તેમજ કંઈ વસ્તુઓનો ઉપયોગ કરી અને પોતાનું રક્ષાણ કરવું એ વિશે સ્કૂલના બાળકો અને દિકરીઓને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને સેક્રેટરી મિલાપ ટાટારિઆ દ્વારા માહિતી આપી જાગૃત કરવામાં આવ્યાં હતાં અને પ્રેક્ટિકલી બતાવી તાલીમ આપવામાં આવી હતી સાથે શાળાના આચાર્ય સ્વાતિબેન બ્રહ્મભટ્ટે ટે. ડિરેક્ટર જતીન દવે અને સેક્રેટરી મિલાપ ટાટારિઆને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

# વિરમગામ ખાતે ગણપતિ દાદાના પ્રસાદરૂપે સગર્ભા બહેનોને સુખડી વિતરણ કરાયું

## રામમહેલ મંદિરના મહામંડલેશ્વર રામકુમારદાસ બાપુ ઉપસ્થિત રહ્યા : સીએમએમ ભારત દ્વારા વિરમગામના ૧૦૦થી વધુ સગર્ભા બહેનોને સુખડી આપવામાં આવી

કમલમ્ ન્યુઝ,વિરમગામ

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે ગણેશોત્સવ દરમ્યાન ગણપતિ દાદાને સુખડીનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. સીએમએમ ભારત દ્વારા વિરમગામના ૧૦૦થી વધુ સગર્ભા બહેનોને ગણપતિ દાદાના પ્રસાદ રૂપે સુખડી આપવામાં આવી હતી. તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે ૨૦ સગર્ભા બહેનોને સુખડી આપવામાં આવી હતી અને બાકીના ૮૦થી વધુ સગર્ભા બહેનોને આરોગ્ય કર્મચારીઓ દ્વારા સુખડી પહોંચાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિરમગામના રામમહેલ મંદિરના મહામંડલેશ્વર રામકુમાર દાસ બાપુ, સીએમએમ ભારત ના વંદના નીલકંઠ વાસુકિયા, ડો.વિરલ વાઘેલા, ગૌરીબેન મકવાણા, આરોગ્ય વિભાગના અધિકારી કર્મચારીઓ સહિત આશા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સુખડી વિતરણ કાર્યક્રમને સફળ બનાવવા માટે મગનલાલા રાણા, દિલીપ મકવાણા, શેઠ હેતલભાઈ કંદોઈ, ડો.ધારા પટેલ સહિતના દાતાઓએ અમુલ્ય સહકાર આપ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, સગર્ભાવસ્થા દરમ્યાન સાંકર, વરીયાળી વાળુ દુધ, જેઠી મધ વાળુ દુધ, માખણ, ઘી, મધ, જુના ચોખા, સંચળ યોગ્ય માત્રામાં લેવુ જાઈએ. છઠ્ઠા માસે ગોખરૂવાળુ દુધ લેવુ જોઈએ. મગ, મગનું પાણી, કઠોળ, સિંગ, સુખડી, લીલા શાકભાજી વધારે પ્રમાણમાં લેવા જોઈએ. જે ધાત્રી માતાને ધાવણ ન આવતુ હોય તો શતાવરી યુક્ત દુધ લેવાથી ધાવણ યોગ્ય માત્રામાં આવે છે. સગર્ભાવસ્થા દરમ્યાન યોગ્ય માત્રામાં આયર્ન, ફોલીક એસીડ તથા કેલ્શીયમની ટેબલેટ લેવી જોઈએ. સગર્ભાવસ્થા દરમ્યાન ઓછામાં ઓછી ૩ તપાસ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રમાં કરાવવી જોઈએ. સગર્ભાવસ્થા દરમ્યાન પોતાની રૂચી અનુસારના પુસ્તકો તથા ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવું જોઈએ.



## લક્ષ્મી વિલાસ પેલેસ ગાયકવાડના ગણપતિ ૫ (૮૩મું વર્ષ)



કમલમ્ ન્યુઝ,ચિરાગ પાંડેય

વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસમાં વર્ષોથી રાજવી પરિવાર ધ્વારા માટીના ગણેશની સ્થાપના કરવામાં આવે છે. વડોદરા શહેરના રાજવીઓ દ્વારા વર્ષ ૧૯૩૯ સુધી પેલેસમાં ચંદ્રાસુર વધની થીમવાળી ગણપતિની મૂર્તીની સ્થાપના કરવામાં આવતી હતી

- ૧૯૩૯માં સર સયાજીરાવ ગાયકવાડે ગણપતિ બાપ્પાની મૂર્તી બદલવાનો નિર્ણય કર્યો હતો.
- વડોદરા રાજવી સર સયાજીરાવ ગાયકવાડનું નિધન થયુ હતુ. ત્યારબાદ ગાદી પર આવેલા પ્રતાપસિંહરાવ ગાયકવાડે ગણપતિ બાપ્પાની મૂર્તી બદલવા માટે એક સ્પર્ધા યોજવાનુ નક્કી કર્યુ.
- વડોદરાના તમામ આર્ટિસ્ટોને મૂર્તી બનાવવા માટે કહેવામાં આવ્યુ.
- આર્ટિસ્ટોએ તૈયાર કરેલી મૂર્તીઓને એક રૂમમાં મુકવામાં આવી હતી.
- કાશીના પંડિતોને ખાસ બોલાવવામાં આવ્યા હતા. કાશીના પંડિતોએ વડોદરાના આર્ટિસ્ટ કૃષ્ણરાવ ચવ્હાણે તૈયાર કરેલી ગણપતિની શાસ્ત્રોક્ત મૂર્તીને પસંદ કરી હતી.
- ૧૯૪૦થી આજ દિવસ સુધી કૃષ્ણરાવે તૈયાર કરેલી ગણેશની મૂર્તીને પેલેસમાં સ્થાપિત કરવામાં આવે છે.
- કૃષ્ણરાવના નિધન બાદ તેમના પુત્ર માનસિંહ ચોહાણ ગણપતિ બપ્પાની મૂર્તી બનાવે છે. રાજવી પરિવારના રાજગુરૂ બાપ્પાની પૂજા અને આરતી કરે છે.
- પેલેસની મૂર્તી બનાવતા મૂર્તીકાર માનસિંહ ચવ્હાણે જણાવ્યુ હતુ કે, છેલ્લા ૮૩ વર્ષથી અમારો પરિવાર રાજવી પરિવારના ગણપતિની મૂર્તી બનાવે છે તેનું મને ગર્વ છે.
- ગણપતિ બનાવવા માટેની માટી ભાવનગરથી મંગાવવામાં આવે છે.

# વડોદરા - રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરાના વિવિધ પંડાલોમાં બિરાજતા શ્રીજીના દર્શન કર્યા







કમલમ્ ન્યુઝ,ચિરાગ પાંડેય

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરા નગરના વિવિધ પંડાલોમાં બિરાજમાન ભગવાન શ્રી ગણપતિ દાદાના ભક્તિભાવ પૂર્વક દર્શન કર્યા હતા અને રાજયના નાગરિકોના કલ્યાણ તથા સુખાકારીની મંગળ કામના કરી હતી.

ગણેશ ઉત્સવની ભારે ઉત્સાહ અને આસ્થા પૂર્વક ઊજવણી માટે જાણીતા વડોદરાના આ વખતના પર્વમાં સહભાગી બની મુખ્યમંત્રીશ્રીએ નગરજનોના આનંદ ઉમંગમાં વધારો કર્યો હતો. અહીં ૧૩૦૦ થી પણ વધુ પંડાલોમાં શ્રીજી બિરાજમાન છે અને હાલમાં ગણેશ ઉત્સવ ભારે ધામધૂમ પૂર્વક ઉજવાઈ રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સર્વ પ્રથમ હરણી વિસ્તારમાં મીરા ચાર રસ્તા પર બિરાજેલા બાપ્પાના દર્શન કરવા માટે પહોંચ્યા હતા. જયાં તેમને શ્રીજીની ભવ્ય પ્રતિમાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

એ બાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે શહેરના દાંડિયા બજાર ખાતે શ્રીમંત સિદ્ધિ વિનાયક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૪૨ વર્ષથી સ્થાપવામાં આવતા શ્રીજી ના ભક્તિભાવ પૂર્વક દર્શન અર્ચન કર્યા હતા. અહીં તેમણે શ્રીજીની વિધિવિધાન પૂર્વક પૂજન કરી માલ્યાર્પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૮૦ થી અહી ગણપતિની સ્થાપના કરવામાં આવે છે.

જાણીતા ભાગવત કથાકાર પૂ.ડાંગરેજી મહારાજે આની શરૂઆત પૂજા અર્ચન કરી કરાવી હતી. ગુજરાતના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો આ શ્રીજીના દર્શન કરવા અચૂક આવે છે. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ પોલો ગ્રાઉન્ડ બગીખાના, પરાગરજ ગરબા ગ્રાઉન્ડ, તંબોળી, વારસિયા રીંગ રોડ માંજલપુર, ઈલોરા પાર્ક તથા સુભાનપુરા વિસ્તારમાં ગણેશ પંડાલોમાં જઈને શ્રીજીના દર્શન, અર્ચન કર્યા હતા. આ પ્રસંગે કાયદા અને ન્યાય મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, સમાજિક ન્યાય અને અધિકારીતા અને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી પ્રદિપભાઈ પરમાર, મહિલા અને બાળ વિકાસ કલ્યાણ મંત્રી શ્રીમતી મનિષાબેન વકીલ, મેયરશ્રી કેયુરભાઈ રોકડિયા, સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ,શહેર અધ્યક્ષ ડો.વિજયભાઈ શાહ, અગ્રણીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિ.કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, કલેકટરશ્રી અતુલ ગોર, પદાધિકારીઓ તેમજ નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

